નં.ડીએમ/ડીસીએચ/૨૭૧૭૦૯/૨૦૨૨
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર.
તા.૦૬/૦૯/૨૦૨૨

:- ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું જાહેરનામુ :-

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના વોડીસાંગ(રણુજા) રામદેવજી મંદિરના સાનિધ્યમાં લોકમેળો યોજાનાર છે અને રાત દિવસ ચાલનાર છે. જેમાં બહોળી સંખ્યામાં લોકો ભાગ લેનાર હોઈ, સદરહું મેળામાં લોકોની સલામતી જાળવવા તેમજ ટ્રાફીકનું નિયમન જાળવવાના હેતુથી રણુજા મુકામે આવવા જવા માટેના રસ્તાઓ એકમાર્ગીય કરવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) હેઠળ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા.૦૫/૦૯/૨૦૨૨ ના પત્ર નં.સીબી/૫/વર્ક/૨૨૯૦/૨૦૨૨ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત તપાસતાં મને યોગ્ય અને ઉચિત જણાય છે.

જેથી હું, ભાવેશ એન. ખેર, **જિ.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો,** જામનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રુઈએ આથી ફરમાવું છું કે :-

(૧) **કાલાવડ થી રણુજા નો રસ્તો :-** કાલાવડ થી રણુજા જવા માટે બંધ કરવામાં આવે છે અને ફકત રણુજા મેળામાંથી કાલાવડ આવવા માટે આ રસ્તાનો ઉપયોગ કરી શકાશે.

(૨) **હરીપર થી રણુજા નો રસ્તો :-** રણુજા થી હરીપર આવવા માટે બંધ કરવામાં આવે છે અને ફકત હરીપર થી રણુજા જવા માટે આ રસ્તાનો ઉપયોગ કરી શકાશે.

આ જાહેરનામું તા.૦૬/૦૯/૨૦૨૨ થી તા.૦૭/૦૯/૨૦૨૨ ના ૨૪-૦૦ કલાક સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

**અપવાદઃ-**

સરકારી વાહનો, પોલીસના વાહનો, ઈમરજન્સી વાહનો તથા ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસોને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજજાનાં ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

૨...

આજ તા. ૦૬ માહે : સપ્ટેમ્બર–૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાવી બહાર પાડયુ.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

**નકલ રવાના :–**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી,જામનગર(ગ્રામ્ય).

(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,જામનગર (ગ્રામ્ય).

(૪) મામલતદારશ્રી, કાલાવડ, જિ.જામનગર.

(૫) મામલતદારશ્રી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, જામનગર

(૬) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, કાલાવડ પોલીસ સ્ટેશન,તા.કાલાવડ, જિ.જામનગર.

(૭) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ડિવીઝન, જામનગર

(૮) નાયબ માહિતી નિયામકશ્રી,જામનગર

...ઉકત જાહેરનામાની સ્થાનીક વર્તમાન પત્રોમાં બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

(૯) વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...સદરહુ જાહેરનામુ સરકારી અસાધારણ પત્રમાં પ્રસિધ્ધી કરી તેની ૫ નકલો અત્રેને મોકલવા વિનંતી સહ.

(૧૦) આઈસીટી ઓફીસરશ્રી, જામનગર

... અત્રેની કચેરીની વેબ સાઈટ પર અપલોડ કરવા સારૂ.

(૧૧) સિલેકટ ફાઈલ